**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.એડી.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની**
**કોર્ટમાં, મુ. નવરંગપુરા, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. 9898/2024**
**આંકઃ**

**ફરિયાદીઃ** સરકારશ્રી
**વિરુધ્ધ**
**આરોપીઃ** **મુમતાજભાઈ હકીમભાઈ શેખ**

**ગુન્હો:–** **<u>ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબ</u>**

## :: ચુકાદો ::

ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક: ૧ માં જણાવેલ સમયે અને તારીખે પોતાના હવાલાવાળી વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરુપ થાય તે રીતે રોડ વચ્ચે ઉભુ રાખી મળી આવતાં હોય જેથી જીલ્લા મેજી.સાહેબશ્રી ના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ની કલમ ૨૮૩ મુજબનો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપતા આરોપીની પ્લી લેતા આરોપીએ પોતાનો ગુનો કબુલ કરેલ છે તેમજ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે આરોપીએ જાણીબુજીને ગુન્હો કરેલ ન હોઈ તેમનો પ્રથમ ગુન્હો છે, ઘરના એકમાત્ર કમાવનાર છે તેમજ ઘરની તમામ જવાબદારી તેમના ઉપર છે. તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ તેમને થાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## **<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપી નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ: ૨૮૩ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.**૧૦૦/– (અંકે રુપિયા સો)** પુરાનો દંડ નો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન : ૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો

તા. ૧૩/૦૯/૨૦૨૫
સ્થળ: અમદાવાદ

**(એમ.ડી. વીરાણી)**
એડી.જ્યુ.મેજી.ફ.ક
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા.
જજ કોડ –જીજે ૦૧૩૬૨